# ગુજરાતમાં કાપડ ઉદ્યોગનો ઉદ્ભવ અને વિકાસ

પ્રતિક્ષા ચંદ્રવદનભાઈ મકવાણા
એમ.એ., જીસેટ (અર્થશાસ્ત્ર)
પીએચ.ડી., શોધાર્થી,
અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**સારાંશ**

*વર્તમાન સમયમાં ગુજરાત એ ભારતનું કાપડ ઉદ્યોગનું હબ છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગનું એક આગવું સ્થાન છે. ગુજરાતમાં આશરે ૨૫ લાખ હેક્ટર જમીન પર કપાસનું ઉત્પાદન થાય છે. આ ઉપરાંત ૨૪ હજાર જેટલી હાથશાળો અને ૩ લાખ કરતાં વધૂ યાંત્રિકશાળો નાના-પાયે ગુજરાતમાં ચાલે છે. સાથે-સાથે ગુજરાતમાં ખાદીનું પણ સારા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આજે ગુજરાતમાં લગભગ ૨૦ થી ૨૫ હજાર અબંર ચરખા ચાલે છે. ખાદી ૬૦ હજાર લોકોને રોજગારી આપે છે. ગુજરાતમાં ડાઈંગ ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. ગુજરાતમાં પાટણનાં પટોળાં, જેતપુરની બાંધણી, કચ્છનું 'બાટીક' છાપકામ ભારતની કાપડ કારીગરી માટે દુનિયાભરમાં જાણીતાં બન્યા છે. પટોળાં માટે વાપરવામાં આવતા દોરા ગાંઠીને રંગવાની પદ્ધતિ (Tie and Dye) અને બાટીક છાપકામ આજે પણ આશ્ચર્ય પમાડે તેવી કળા છે. વિવિધ જાતોની બાંધણીનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ગુજરાતમાં ડાઈંગ ઉદ્યોગ અમદાવાદ, સુરત, રાજકોટ, જામનગર, કચ્છ, ભાવનગર, અમરેલી, નવસારી વગેરેમાં વિકસ્યો છે.*

**ચાવીરૂપ શબ્દો:** *ગુજરાતનું અર્થતંત્ર, ઉધોગક્ષેત્ર, કાપડ ઉધોગ, સુતરાઉ કાપડ, રોજગારી , ખાદી ઉધોગ, હેન્ડલૂમ–પાવરલૂમ, બાંધણી ઉધોગ*

## ૧. પ્રસ્તાવના

ગુજરાતનો સુતરાઉ, ઊની અને રેશમી વસ્ત્ર વણાટ ઉદ્યોગ હજારો વર્ષ જૂનો છે. મહાભારતમાં યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે તેમને જુદા-જુદા દેશો તરફથી જે ભેટો મોકલવામાં આવી તેમાં પશ્ચિમ ભારતના ભરું-કચ્છીવાસીઓ તરફથી કાર્પાસ વસ્ત્રો હજારોની સંખ્યામાં 'બલિ' (ખંડણી) તરીકે મોકલવામાં આવ્યાં હતાં એનો ઉલ્લેખ મળે છે. લાટપ્રદેશના ગુપ્ત સમયના રેશમના વણકરોના ગૌરવનો ઉલ્લેખ મંદસૌરના ઈ.સ. ૮૩૭ તથા ૪૭૬ના શિલાલેખોમાં કરેલો છે. પટોળું આજે પણ પાટણનું ગૌરવ સાચવીને બેઠું છે. આ પટોળું નામ મૂળ સંસ્કૃત શબ્દ પટ્ટોલિકા પરથી ઊતરી આવ્યું છે. જેનો અર્થ  ચિત્રકારની રંગપેટી એવો થાય છે. ગુજરાત વસ્ત્ર ઉદ્યોગ માટે મધ્યકાળમાં ઘણું જાણીતું હતું. અહીં જાતજાતનાં અને ભાત-ભાતનાં વસ્ત્રો તૈયાર થતાં તેના ઉલ્લેખો વિદેશી મુસાફરોએ કર્યા છે. આ વસ્ત્રો ગુજરાત પોતાના ઉપયોગ માટે અને વિદેશમાં નિકાસ કરવા માટે બનાવતું હતું. સોલંકી યુગમાં કાપડ કેવા પ્રકારનું વપરાતું, તેમાં કેવી કેવી ભાતો લોકપ્રિય હતી.  તેની માહિતી અને ઈ.સ.૧૯૧૩માં જર્મનીમાં ડૉ. હુરેમને જૈન કલ્પસૂત્રની તાડપત્રીય અને કાગળ પરની પોથીઓમાં આપેલાં લઘુચિત્રો છપાવીને બહાર પાડ્યાં તેના પરથી અગિયારથી સોળમાં સૈકા સુધીનાં વસ્ત્રોની ભાત, રંગ, સિલાઈ વગેરેના વૈવિધ્ય ભરેલાં આધારભૂત પ્રત્યક્ષ પુરાવા મળે છે. શાહી જમાનામાં ગુજરાતની

કારીગરીના થોડાક છાપેલાં તથા રેશમ અને કસબથી ભરેલા નમૂના આજે લંડનના મ્યુઝિયમોમાં પ્રદર્શિત થયેલાં છે. એની નોંધ જર્નલ ઓફ ઈન્ડિયન આર્ટ સોસાયટી, કલકત્તા વોલ્યુમ ૧૯માંથી મળે છે. આમ, ગુજરાતની વસ્ત્ર વણાટની પરંપરા આજે પણ સચવાઈ રહી છે.

## ૨. હેતુઓ

1. ગુજરાતના અર્થતંત્રમાં કાપડ ઉદ્યોગનું મહત્વ તપાસવું.
2. ગુજરાતના કાપડ ઉદ્યોગનો ઈતિહાસ તપાસવો.
3. ગુજરાતના વિવિધ વિસ્તારમાં કાપડ ઉદ્યોગનો ઉદ્ભવ અને વિકાસ તપાસવો.

## ૩. ગુજરાતના વિવિધ વિસ્તારમાં કાપડ ઉદ્યોગ

ગુજરાતના ભાતીગળ વસ્ત્ર વણાટ અને રંગબેરંગી વળેલાં, છાપેલાં, ભરેલાં, બાંધેલા સુતરાઉ અને રેશમી વસ્ત્રોનાં જૂનાં દેશી નામો 'વર્ણકસમુચ્ચય'માં જોવા મળે છે. તેમાં રાજા-રાણીનાં જુદા-જુદા વસ્ત્રોના વર્ણનો છે. મધ્યકાળમાં ગુજરાતમાં વપરાતાં વસ્ત્રોની વિવિધ ભાતો અને નામો સાહિત્યમાંથી પણ જાણવા મળે છે. ગુજરાતી વસ્ત્રોનાં નામ વિવિધ રીતે પડ્યા છે. કેટલાંક વસ્ત્રોના નામ તેનાં તંતુઓ ઉપરથી પડ્યા છે; જેમ કે સુતરાઉ, રેશમ, ઊની વગેરે. જ્યારે કેટલાંક વસ્ત્રો તેની વણાટ પદ્ધતિથી સાદાં, સાટીન, કિનખાબ વગેરે નામે જાણીતાં થયા છે. કેટલાક વસ્ત્રોની ભાત, રંગો કે તેના ઉત્પતિ સ્થાનના કારણે જાણીતાં છે. 'અતલસ' એ આપણું જાણીતું કાપડ છે. તે સાટીન પદ્ધતિથી તૈયાર થાય છે. વિજયનગર રાજ્યમાં 'અતલસ- એ- ઝૈતુની' ઈ.સ. ૧૪૪૦માં જોવા મળ્યું હતું. એવું અબ્દુલ અલ અઝાકે નોંધ્યું છે. 'ઈલાય' ૧૭મી સદીના ગુજરાતનાં લાલ, સફેદ અથવા ભૂરા અને સફેદ પટાવાળાં સુતરાઉ કે રેશમી વસ્ત્રનું નામ હતું. તેની પર ફૂલોની ભાત પાડવામાં આવતી અને તેને સોના અથવા ચાંદીના તારથી સુશોભિત કરાતું. અમદાવાદમાં આજે એ 'ઐલચા' નામે ઓળખાય છે. આજે જેના માટે ગુજરાત વિશ્વ વિખ્યાત છે, એવું પટોળું ગુજરાતની નારીઓનું પ્રિય ઓઢણું છે. આ પટોળા ઉપરાંત રેશમી વસ્ત્રોમાં 'ટસર'ની ખૂબ ગણના થતી. 'રંગ ઉપરથી ઓળખાતાં વસ્ત્રો પણ ઘણા હતા. જે ગુજરાતની ડાઈંગ શૈલીની ઝાંખી કરાવે છે. કબૂતરના રંગ જેવું વસ્ત્ર 'પારેવું', ભૂરા રંગવાળું 'નીલનેત્ર', વાદળાના રંગ જેવું 'મેઘાવલી', પોપટી લીલા રંગવાળું 'પોપટિયું', મગ જેવા રંગનું 'મગીયુ', આકાશિયા રંગનું વસ્ત્ર 'મેઘાડંબર' નામે જાણીતું હતું. આ ઉપરાંત હાલમાં જેને ટાય અને ડાયથી ઓળખવામાં આવે છે એ બાંધણીને બાંટ પણ કહે છે. આ બધાં વસ્ત્રોની સાથે નગરોનાં નામો જોડાયાં છે. જેમ કે પાટણનાં પટોળાં, જામનગરનાં નગરિયાં, ભરૂચના ભરૂચિયા, ધોળકાનું મેઘાડંબર અને રક્તાંબર, માંગરોળનાં મગીયાં, વિજાપુરના પુરિયાં, અમદાવાદની અતલસ, ઐલચા, સુરતી કિનખાબ વગેરે. આમ, ગુજરાત કાપડ ઉદ્યોગનો સમૃદ્ધ વારસો ધરાવે છે.

### (૧) અમદાવાદ

અમદાવાદને ભારતના 'માન્ચેસ્ટર' તરીકે ઓળખવામાં આવે છે. સાબરમતી નદીનું વિપુલ પાણી તેમજ સુતરાઉ કાપડના ઉત્પાદન માટે અનુકૂળ હવામાન આજુબાજુના વિસ્તારમાં થતું મબલક કપાસનું ઉત્પાદન અને શ્રમબળની પ્રાપ્તિ એ અમદાવાદને સુતરાઉ કાપડ ઉદ્યોગમાં ભારતના સૌથી મોટા કેન્દ્ર તરીકે સ્થાપિત કર્યું છે. ઔદ્યોગિક ક્રાંતિથી ૧૮૧૮માં કલકત્તામાં મોટાપાયા પર કાપડ ઉત્પાદન શરૂ થયું. ૧૮૫૧માં મુંબઈમાં કાપડની મિલ શરૂ થઈ. ૧૮૫૪માં અમદાવાદમાં રણછોડલાલે ઈંગ્લૅન્ડથી વહાણ મારફતે જરૂરી યંત્રો મંગાવીને કાંતણ, વણાટ, રંગકામ અને છાપકામ કરવા

માટે ૧૮૫૯માં 'અમદાવાદ સ્પિનિંગ અને વીવિંગ કંપની લિમિટેડ' એકમની સ્થાપના કરી. ૩૦ મે, ૧૮૬૧માં તે કાર્યરત થઈ. ત્યારબાદ 30 વર્ષના ગાળામાં તેને અનુસરીને બીજાં નવા ૩૨ કારખાનાં ઊભાં થયાં અને ઊંચી જાતનું કાપડ બનાવવા લાગ્યાં. દેશ આઝાદ થયો ત્યારે અમદાવાદમાં ૭૦ જેટલી મિલો કાર્યરત હતી. ધીમે ધીમે કાપડ ઉત્પાદનના એકમ વધ્યા અને અમદાવાદ કાપડ ઉત્પાદનના કેન્દ્ર તરીકે જાણીતું થયું.

**(૨) સુરત**

સુરત એ અમદાવાદ પછી ગુજરાતનું કાપડ ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર છે. સુરત તાપી નદીના કિનારે આવેલું શહેર છે અને અરબ સાગર સાથે જોડાયેલો ૬ કિ.મી. લાંબો તટપ્રદેશ ધરાવે છે. આ કારણે આ શહેર વ્યાપાર માટેનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે. સુરતની સાડીએ વિશ્વ કક્ષાએ સુરતને ખ્યાતી અપાવી છે. સુરતમાં પ્રતિદિન ૪ કરોડ મીટર કાપડનું ઉત્પાદન થાય છે. બાંગ્લાદેશ, આફ્રિકા જેવા દેશોમાં સુરતી સાડીની નિકાસ થાય છે. ભારતમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર વગેરેમાં સુરતના કાપડ અને સુરતી સાડીની મોટા પ્રમાણમાં માંગ રહે છે. સતત બદલાતી ફેશન સામે સુરત પણ કાપડ ઉદ્યોગમાં નવીનીકરણ લાવ્યું છે. અત્યાર સુધી સુરત સાડી અને ડ્રેસના ઉત્પાદનમાં જ મહત્ત્વનું યોગદાન આપતું હતું. જ્યારે હવે ડેનિમ અને ગારમેન્ટ તરફ પણ આગળ વધી રહ્યું છે. હાલમાં દેશમાં નેટના કાપડની માંગ વધતા સુરતના ઉદ્યોગકારો મોટાપાયે નિટિંગ ફેબ્રીક્સના ઉત્પાદનમાં રોકાણ કરી રહ્યાં છે. સુરતનો કાપડ ઉદ્યોગ આજે ૧૫ લાખ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી આપે છે. અહીં વર્ષે અંદાજિત ૧૪,૬૦૦ મિલિયન મીટર કાપડ અને ૧૦.૫૦ લાખ મેટ્રિક ટન યાર્નનું ઉત્પાદન થાય છે. ભારતમાં ૬૫% ફાયબરનું ઉત્પાદન એકલું સુરત કરે છે. ૧૯૬૦ પછી સુરતમાં કાપડ ઉદ્યોગનો ઝડપી વિકાસ થયો છે. સુરતનું વિશાળ કાપડ બજાર વિશ્વમાં પ્રખ્યાત છે. હાલમાં સુરતમાં ૬ ટેક્સટાઈલ પાર્ક કાર્યરત છે. સુરતના કાપડની બાંગ્લાદેશ તેમજ ગલ્ફના દેશોમાં મોટા પ્રમાણમા માંગ રહે છે.

**(૩) કચ્છ**

ભાતીગળ લોકભરત અને મનોહર રંગો તેમજ મોતી ગુંથણ એ ગુજરાતનો અને એમાં પણ કચ્છ અને સૌરાષ્ટ્રનો આગવો કલા સંસ્કાર છે. કચ્છમાં જે પ્રકારના કાપડ ઉદ્યોગનો વિકાસ થયો એ લોકભરત સાથે જોડાયેલ છે. જેમાં મોચી ભરત, કચ્છી ભરત, સડાનું ભરત, સલામનું ભરત, આરી ભરત, બન્ની ભરત, આભલા ભરત વગેરેનો સમાવેશ થાય છે. કચ્છનું આ ભરતકામ દેશ આખામાં વખણાય છે. જે ગ્રામીણ લોકોને મોટા પ્રમાણમાં રોજગારી આપી રહ્યું છે. આ ઉપરાંત કચ્છના ભુજ, માંડવી, અંજારમાં ચુંદડી, સાફા, રૂમાલ, ચાદર, લુંગી વગેરે પર ડાઈંગ કામ કરવામાં આવે છે. આ સાથે જ કચ્છનો બાંધણી ઉદ્યોગ પણ અનેક લોકોને રોજગારી આપે છે. અબડાસામાં બાંધણી બંધાવાની કળા દ્વારા ૧૦ હજાર જેટલી મહિલાઓ ઘર બેઠા જ રોજગારી મેળવે છે. અબડાસા તાલુકાના ૩૦ થી ૪૦ જેટલા ગામોમાં બાંધણી બંધવાનું કામ વર્ષોથી ચાલે છે. અબડાસાનું હેરીટેજ વિલેજ 'તેરા' એ બાંધણીનું હબ ગણાય છે. તેરાની બાંધણીની કલા ૨૦૦ વર્ષ જૂની છે. તેરાની બાંધણીની વિવિધ જાતો વખણાય છે. સાચી જરીથી પેઠણીનું કાપડ એક લાખ રૂપિયાનું હોય છે. જેની બાંધણી બાંધવાનું વેતન રૂા.૧૮૦૦ હોય છે. આવી તો અનેક જાતની બાંધણી અબડાસામાં ઉત્પાદન કરવામાં આવે છે. અબડાસાની બાંધણીની મુંબઈ, કલકત્તા, દિલ્લી, અમદાવાદ, સુરત, મદ્રાસ, જયપુરમાં માંગ રહે છે.

**(૪) જામનગર**

ગુજરાતનું જામનગર આમ તો પોતાના અનેક પ્રકારના પ્રવાસન સ્થળો, ખાણી-પીણી અને બ્રાસપાર્ટ ઉદ્યોગ માટે જાણીતું છે. સાથે-સાથે જામનગર બાંધણી ઉદ્યોગ માટે પણ વિખ્યાત છે. જામનગરની બાંધણી માત્ર ગુજરાત કે ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. બાંધણીનું કાચું કાપડ બેંગ્લોર, બનારસ અને સુરતથી મંગાવવામાં આવે છે અને રંગો મુંબઈથી મંગાવવામાં આવે છે. જામનગરમાં કોટન સિલ્ક, પ્યોર સિલ્ક, ગજી સિલ્ક, સિફોન સિલ્ક વગેરે પ્રકારના કાપડ પર ડાઈંગ કરીને બાંધણી તૈયાર કરવામાં આવે છે. પહેલા બાંધણી માત્ર બે જ રંગોની બનતી હતી. હાલમાં બાંધણી ૪૦થી વધુ રંગોમાં બને છે. બનારસી બાંધણીની કિંમત ૭૦ હજાર સુધીની હોય શકે છે. જરીવારી બનારસી બાંધણી ૩૫ હજાર સુધી હોય છે. ચાંદારોખરી બાંધણીની કિંમત ૮ હજાર સુધીની હોય શકે. જામનગરના કેટલાય પરિવારો ૧૦૦ વર્ષ કરતાં વધુ સમયથી બાંધણી બનાવી રહ્યાં છે. બાંધણીની ડીઝાઈન પરંપરાગત હોવા છતા

પણ ફેશનમાં રહી છે. જામનગરના બાંધણી ઉદ્યોગ સાથે ૫ હજાર પુરુષ શ્રમિકો, ૩૦ હજાર મહિલા શ્રમિકો, ૩૦૦ જેટલા નિયોજકો અને વેપારીઓ જોડાયેલાં છે.

**(૫) રાજકોટ**

રાજકોટ જિલ્લામાં પડધરી, ગોંડલ અને જેતપુર તાલુકમાં કાપડ ઉદ્યોગનો વિકાસ થયો છે. તેમાં પણ ખાસ કરીને જેતપુર તાલુકો છાપકામ સ્કિન-પ્રિન્ટિંગ અને બ્લોક પ્રિન્ટિંગ માટેનું મુખ્ય કેન્દ્ર છે. જેતપુર શહેરને 'મીની દુબઈ' પણ કહેવામાં આવે છે. કારણ કે જેતપુરમાં મોટા પ્રમાણમાં કાપડનો ઉપયોગ થતો હતો. આ ઉપરાંત જેતપુરને 'Capital of Kathiyawad' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેતપુર મુખ્યત્વે સાડી માટે વિખ્યાત છે. તેની મુખ્ય નિકાસમાં 'ખાંગો' અને 'કિટાંગો' છે. જે આફ્રિકાના દેશોમાં નિકાસ થાય છે. જેતપુરના ૧૨૫૦ યુનિટો એવા છે કે જેનુ વાર્ષિક ટર્નઓવર ૧૫૦૦ મિલિયનથી વધારે છે. ૫૦૦ જેટલો યુનિટો એવા છે જે પ્રતિદિન સરેરાશ ૨ મિલિયન મીટરને પ્રિન્ટ કરે છે. ૪૦,૦૦૦ લોકોને સીધી રોજગારી આપે છે. જેતપુરમાં સાડી, બાંધણી, ચુંદડી, લુંગી, પાઘડી, ખાગો, ડ્રેસ, કિટાંગો વગેરેનું ઉત્પાદન થાય છે. જેતપુરના મોટાભાગના એકમો MSMEના અંતર્ગત કામ કરે છે. જેતપુરના અતિ નાના એકમો ૩૦૦૦ મીટર પ્રતિદિન ઉત્પાદન કરે છે, જ્યારે નાના એકમો પ્રતિદિન ૩૦૦૦ થી ૨૦,૦૦૦ મીટર સુધીનું ઉત્પાદન કરે છે. તો મધ્યમ કદના એકમો પ્રતિદિન ૨૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ સુધીનું ઉત્પાદન કરે છે. જેતપુરનો ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગ મોટાભાગનો કાચો માલ મહારાષ્ટ્ર અને તમિલનાડુમાંથી ખરીદે છે. જેતપુરના ડાઈંગ અને પ્રિન્ટિંગ ઉદ્યોગમાં ત્રણ પ્રકારની ઉત્પાદન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં (૧) ઓટોમેટિક મશીનથી છાપકામ (૨) ઠંડા ખાતાના ટેબલમાં હાથથી છાપકામ (૩) ગરમ એકમમાં હાથેથી થતાં છાપકામનો સમાવેશ થાય છે.

**સંદર્ભસૂચિ**

1. જાદવ, જી (૨૦૧૯). "ગુજરાતનો લોકકલા વૈભવ", માહિતી નિયામક કચેરી, ગાંધીનગર પાનાં નં ૫ થી ૮
2. દવે, સંજય. (૨૦૧૮). "જેતપુર શહેરના સાડી ઉદ્યોગનો વિકાસ પ્રશ્નો અને ભાવી અંગેનું આર્થિક વિશ્લેષણ" : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. પાનાં નં ૨-૩
3. જાદવ, જી (૨૦૧૯). "ગુજરાતનો લોકકલા વૈભવ." માહિતી નિયામક કચેરી, ગાંધીનગર પાનાં નં ૩૭- ૪૧
4. TERI (2015). "Cluster Profile Jetpur Taxtile Industries": Project Monitoring Cell TERI, Delhi
5. CBSE. (2014). "Traditional Indian Textiles". New Delhi : Central Board of Secondary Education, New Delhi. Page No. 36 - 39
6. Shilu, V. (2011). "Leadership Style In Dyeing And Printing Industry of Jetpur City". : Saurashtra University, Rajkot.
7. Dimpal, D. (2004). "An Analytical Stydy on Systems And Methods of Material Management in Dyeing and Printing Industry of Jetpur City.":Saurashtra University,Rajkot
8. https://www-bbc-com
9. https://www-bbc-com